# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **રાજ્યમાં પેટ્રોલ, ડિઝલ અને LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નાગરિકોને ગભરાવાની જરૂર નહીં - ઓઇલ કંપનીની અપીલ**
2. **સ્થાનિક સ્વરાજની ચૂંટણીના સુચારૂ આયોજન અને કાયદો-વ્યવસ્થાની સમીક્ષા માટે રાજ્ય પોલીસ વડાની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક**
3. **આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ગઇકાલે 8 ઉમેદવારી પત્ર ભરાયા**
4. **રાજ્યના કેટલાક જિલ્લામાં છૂટા છવાયા સ્થળોએ આજે કમોસમી વરસાદની આગાહી**
5. **IPL ક્રિકેટમાં આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# STATE LPG SUPPLY

પશ્ચિમ એશિયાના વર્તમાન ઘટના ક્રમો વચ્ચે રાજ્યમાં પેટ્રોલ, ડિઝલ અને lpgનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નાગરિકોને અફવાઓથી દૂર રહેવા ઓઇલ કંપનીઓએ અપીલ કરી છે.

અમદાવાદમાં ગઇકાલે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના કાર્યકારી નિદેશક સંજીવ બેહરાએ નાગરિકોને ગભરાટમાં આવીને ખરીદી કરવાથી દૂર રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હાલ ઘરેલુ માંગણીઓને પ્રાથમિકતા આપવામાં આવી છે અને કમર્શિયલ એલપીજીનો પુરવઠો યુદ્ધ પહેલાની સ્થિતિની સરખામણીએ 70 ટકા જેટલો પૂર્વવત કરી દેવાયો છે.

ઈંધણની સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા અત્યાર સુધીમાં 2400 થી વધુ સ્થળોએ દરોડા પાડીને 215 સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે અને ગેરરીતિ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

(BYTE: સંજીવ બેહરા)

પત્રકાર પરિષદને સંબોધતા રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સંયુક્ત નિયામક ચેતન ગાંધીએ જણાવ્યું કે, એલપીજી ગ્રાહકોની સુવિધા માટે રાજ્ય સરકારે જાહેર કરેલી હેલ્પલાઇન નંબર પર મળેલી 11 હજારથી વધુ ફરિયાદોનું નિવારણ કરાયું.

(BYTE: ચેતન ગાંધી)

# KEROSENE STOCK

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં રાંધણ ગેસની સાથે ઈંધણના વૈકલ્પિક સ્ત્રોત તરીકે કેરોસીનના વિતરણ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સંયુક્ત નિયામક ચેતન ગાંધીએ જણાવ્યું કે, રાજ્યના ગ્રામીણ વિસ્તારો માટે કુલ 1 હજાર 452 કિલો લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ દરેક જિલ્લાને 36 કિલો લિટર કેરોસીન ફાળવવામાં આવ્યું છે, ગ્રામીણ વિસ્તારોમાં પરિવાર દીઠ 5 લિટર અને સંસ્થાઓ દીઠ 25 લિટર કેરોસીન આપવામાં આવશે.

(BYTE: ચેતન ગાંધી)

## DGP – ELECTION PREPARATION LAW AND ORDER REVIEW

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના સુચારૂ આયોજન અને કાયદો-વ્યવસ્થાની સમીક્ષા અર્થે રાજ્ય પોલીસ વડા ડૉ કે.એલ.એન રાવની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ. તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓ સાથે વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં પ્રતિબંધાત્મક કાર્યવાહી અને લાંબા સમયથી ફરાર આરોપીઓ સામે કડક પગલાં લેવા આદેશ અપાયા હતા.

જિલ્લા પોલીસ વડાએ વિવિધ સંવેદનશીલ જિલ્લાઓમાં કોમ્બિંગ કામગીરી સઘન કરવા અને ગેરકાયદે હથિયારો તેમજ પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી હતી.

સલામતી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા રાજ્યના 9 હજાર જેટલા તાલીમબદ્ધ લોકરક્ષકો અને વન વિભાગના અધિકારીઓને પણ ચૂંટણી ફરજમાં જોડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે એટીએસના એડીજીપી અમિત વિશ્વકર્માની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

## UMRETH ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે 6 ઉમેદવારે 8 ફોર્મ ભર્યા છે. કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોએ ગઈકાલે ઉમેદવારી નોંધાવી હતી.

ભાજપના ઉમેદવારે અગાઉ ઉમેદવારી પત્ર ભર્યું હતું. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે. પેટાચૂંટણી માટે આગામી 23 મી એપ્રિલે મતદાન થશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## UMEDVARI PATRO

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિ વેગવાન બની છે. ગઇકાલથી ઉમેદવારીપત્રો ભરવાનું શરૂ થયું છે. ઉમેદવારો આગામી 11મી તારીખ સુધી ઉમેદવારી પત્રો ભરી શકશે.

દરમિયાન ગુજરાત કૉંગ્રેસ દ્વારા અમદાવાદ, ભાવનગર, સુરત અને રાજકોટ મહાનગરપાલિકા માટે “કૉંગ્રેસનું કમિટમેન્ટ” નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો છે. જેમાં કૉંગ્રેસ દ્વારા રોડ-રસ્તા, પાણી, આરોગ્ય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું વચન અપાયું છે.

આમ આદમી પાર્ટી દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ઉમેદવારોની પાંચમી યાદી જાહેર કરાઇ છે.

ભાજપ દ્વારા આગામી સમયમાં ઉમેદવારોના નામ જાહેર કરશે.

# ELECTION – OVERALL

પંચમહાલ જિલ્લાના ગોધરા નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થતાં પ્રથમ દિવસે જ 156 ઉમેદવારી ફોર્મ ઉપાડાયા છે. ગોધરા નગરપાલિકામાં કુલ 11 વોર્ડ અને 44 બેઠકો માટે મતદાન થવાનું છે.

છોટાઉદેપુર જિલ્લામાં આગામી ચૂંટણીના સુચારુ સંચાલન માટે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી, નિવાસી અધિક કલેકટર શૈલેશ ગોકલાણીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ. આ બેઠકમાં જિલ્લા કક્ષાના વિવિધ 14 વિભાગો માટે નોડલ અને મદદનીશ નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી.

વલસાડ જિલ્લામાં પણ અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી. ચુડાસમાના અધ્યક્ષસ્થાને નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ. વલસાડ જિલ્લામાં પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું હોવાનું જિલ્લા કલેકટર ભવ્ય વર્માએ જણાવ્યું હતું.

કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં ગડા પાટિયા ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને મહત્તમ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કચ્છમાં જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને હથિયારબંધીનો આદેશ અને પરવાનેદારોને હથિયાર જમા કરાવવા જાહેરનામું બહાર પડયું છે.

રાજકોટ જિલ્લામાં પણ જિલ્લા મેજીસ્ટ્રેટ ડો.ઓમ પ્રકાશ દ્વારા પરવાનેદાર હથિયાર ધારકોને હથિયાર જમા કરાવી દેવા સૂચના આપવામાં આવી છે.

# SVEEP – MATDAN JAGRUTI

સાબરકાંઠામાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયા. તેમાં વિદ્યાર્થીઓ માટે ચૂંટણી પ્રક્રિયા, બંધારણીય હક અને ફરજ પર આધારિત ચૂંટણી પ્રશ્નોતરી યોજાઈ.

અમદાવાદની શાળામાં પણ મતદાન જાગૃતિ માટે યોજાયેલા કાર્યક્રમમાં ચિત્ર અને નિબંધ લેખન સ્પર્ધાઓ સાથે સામૂહિક મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.

# AHEMNDABAD DRUGS

અમદાવાદના સાણંદ વિસ્તારમાંથી પોલીસે માદક પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. જેની પાસેથી અંદાજે અઢી લાખની કિંમતના MD ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા. રાજસ્થાન અને મુંબઈથી મેળવેલા ડ્રગ્સનું વિતરણ કરવા બદલ અન્ય બે આરોપીની પણ અટકાયત કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારી ઓમપ્રકાશ જાટે જણાવ્યું હતું.

(BYTE: ઓમપ્રકાશ જાટ, SP, અમદાવાદ ગ્રામ્ય)

# WEATHER

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં પશ્ચિમી વિક્ષેપ પ્રણાલી સક્રિય થતાં આજે બનાસકાંઠા, પાટણ સહિતના ઉત્તર ગુજરાતના જિલ્લા પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા તથા રાજકોટ અને જામનગર સહિત સૌરાષ્ટ્રના જિલ્લા અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

આ સાથે જ આગામી બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આગામી બે થી ત્રણ દિવસ બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. દરમિયાન રાજ્યમાં ગરમીનો પારો 35 ડિગ્રી સૅલ્સિયસને પાર પહોંચ્યો છે. ગઇકાલે સૌથી વધુ 36.3 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન રાજકોટમાં નોંધાયું હતું.

# IPL

IPL ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મેચ વરસાદને કારણે રદ કરાઈ હતી.

કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. કોલકાતાએ 3 ઓવર અને 4 બોલમાં 2 વિકેટે 25 રન બનાવ્યા હતા.

મેચ રદ થતાં બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યા હતા.

# GIRNAR ROPEWAY

જુનાગઢના ગિરનારમાં રોપ-વે આગામી 12થી 18 એપ્રિલ સુધી બંધ રહેશે. વાર્ષિક સમારકામ અને સુરક્ષાના હેતુસર વ્યવસ્થાપન તંત્ર દ્વારા આ નિર્ણય કરાયો છે. જોકે, આગામી 19 તારીખથી રાબેતા મુજબ, રોપ-વેની સેવા કાર્યરત્ થશે.

-----------------------------------------------